ગાંધીનગર સમાચાર
તા. ૧-૪-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજકીય ક્ષિતિજે પુનઃ સક્રિય થતી કોંગ્રેસ

કોંગ્રેસના નવા પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ અગાઉની પ્રદેશ સમિતિ વિખેરી નાખીને એમની નવી ટીમની રચના કરી દીધી છે. કેટલાંક મહત્ત્વનાં ફ્રન્ટલ ઓર્ગેનાઇઝેશનના સુકાનીઓની જાહેરાત હજી બાકી છે, પરંતુ પ્રદેશ સમિતિના મહત્ત્વના હોદ્દેદારોનાં નામ જાહેર થઇ ગયા છે. ભરતસિંહ સોલંકીને કોંગ્રેસના હાઇકમાન્ડે ગુજરાતમાં મૃતઃપ્રાય થઇ ગયેલી પાર્ટીને બેઠી કરવાની જવાબદારી સોંપી છે અને સ્વાભાવિક રીતે જ એ માટે જરુરી નિર્ણય લેવાની છૂટ આપી છે. તેથી નવા માળખામાં જૂના ચહેરાઓ ઉપરાંત કેટલાક નવા ચહેરાઓનો પણ સમાવેશ કરી એમણે એક સંતુલિત સંગઠન માળખું બનાવવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો હોય એવું વરતાઇ આવે છે. કોંગ્રેસને સૌથી વધુ નડતરરુપ એની આંતરિક જૂથબંધી રહી છે. અત્યાર સુધી કોંગ્રેસને કોંગ્રેસ જ હરાવતી હતી એમ કહીએ તો ખોટું નથી. છેલ્લા કેટલાય સમયથી પ્રજાએ કોંગ્રેસની આ આંતરિક ગોલા-લડાઇથી વાજ આવીને વિકલ્પ સ્વરુપે ભાજપ પર પસંદગી ઉતારવાનું શરું કર્યું હતું. વિશેષપણે ભાજપના રાષ્ટ્રવાદ અને હિંદુત્વ જેવા મુદ્દાઓ ઉપરાંત વિકાસના મુદ્દાએ પ્રજાને આકર્ષી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. કોંગ્રેસને એક ખાસ વર્ગ જ વળગી રહ્યો હોવાનો ભ્રમ પણ પ્રજામાં ફેલાયોલો જોવા મળે છે. તેથી કોંગ્રેસને જે નુકશાન પહોચ્યું છે તે ભરપાઇ કરતાં વર્ષો લાગી શકે એમ છે. કોંગ્રેસની કહેવાતી વોટબેંક વેરવિખેર થઇ જવા પામી છે અને છેલ્લી લોકસભાની ચૂંટણી પછી તો કોંગ્રેસ છેક હાંસિયે ધકેલાઇ ગઇ હોય એવું દૃશ્ય સરજાયું છે. ગુજરાત ક્યારેક કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓનું ઉત્પત્તિ સ્થાન હતું. આઝાદીની લડાઇ લડનારી કોંગ્રેસનું નેતૃત્વ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા ગુજરાતી નેતાઓએ કર્યું હતું. ઢેબરભાઇ તથા ડો. જીવરાજ મહેતા બેઉ જવાહરલાલ નહેરુના પ્રિય સાથીદારે હતા. મોરારજી દેસાઇનો રાષ્ટ્રીય સ્તરે પડયો બોલ ઝિલાતો હતો. એ પછી ઇન્દિરા ગાંધીનો યુગ શરુ થયો અને કોંગ્રેસમાં ભાગલાં પડ્યા. રતુભાઇ અદાણી, કાંતિલાલ ઘીયા અને ચીમનભાઇ પટેલ જેવા નેતાઓએ ગુજરાતમાં ઇન્દિરા ગાંધીના નેતૃત્વવાળી કોંગ્રેસનું સુકાન સંભાળ્યું. માધવસિંહ સોલંકીના શાસનકાળને ગુજરાત કોંગ્રેસનો સુવર્ણયુગ ગણાવાય છે. એમણે વિધાનસભાની ૧૮૨ બેઠકો પૈકી ૧૪૯ પર કોંગ્રેસના ઉમેદવારો જિતાડીને જે વિક્રમ સ્થાપ્યો હતો તે મોદી જેવા લોકપ્રિય નેતા પણ તોડી શક્યા નહોતા. છેલ્લા વર્ષો દરમિયાન કોંગ્રેસનું નેતૃત્વ પરસ્પર વિરોધી જૂથોના હાથમાં મુકાતું રહ્યું છે. ક્યારેક ભાજપ છોડીને આવેલાં શંકરસિંહ વાઘેલાને પ્રદેશ સમિતિનો હવાલો સોંપાયો તો ક્યારેક ચીમનભાઇ પટેલના સુપુત્ર સિદ્ધાર્થ પટેલને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અહમદ પટેલના વફાદાર સૈનિકો જેવા શક્તિસિંહ ગોહિલને અને અર્જુન મોઢવાડિયાને. ભરતસિંહ સોલંકીને પણ એકવાર આ પદ સોંપાઇ ચૂક્યું છે. પરંતુ મોદીની કુનેહ અને કરિશ્મા આગળ કોઇની કારી ફાવી નથી. હવે જયારે મોદી ગુજરાતમાં નથી રહ્યા અને આનંદીબેન પટેલ તથા ફળદુ જેવાં પાટીદાર આગેવાનોના હાથમાં ભાજપની જવાબદારી છે ત્યારે કોંગ્રેસ માટે એની જૂની વોટબેંક પાછી મેળવવાનું કામ પ્રમાણમાં સહેલું છે. શરત એટલી કે બધા ભરતસિંહ સોલંકીની સાથે ખભેખભા મિલાવીને આગળ વધે. માધવસિંહના પુત્ર હોવાનો એક વિશેષ ફાયદો પણ ભરતસિંહને મળવાની સંભાવના છે. આગામી દિવસોમાં ભરતસિંહ સોલંકી જિલ્લાઓના પ્રવાસે નીકળશે ત્યારે સતત હાર ખાવાને લીધે ઢીંગરાઇ ગયેલા નિરાશ અને હતાશ કાર્યકરો કેવો ઉત્સાહ દાખવે છે તે જોવું રહ્યું.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયની એજ્યુકેશન ફેકલ્ટીનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧
કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની બી.એડ, એમ.એડ કોલેજ અને પીટીસી કોલેજના વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ બ્રહ્માણીકૃપા હોલ સેકટર૨૩ ખાતે યોજાયો. જેમાં વિવિધક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર તાલીમાર્થીઓને મોમેન્ટો તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતા.






આયોજિત વાર્ષિકોત્સવમાં -ગતિશીલ અને ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવચન આપવા અને વર્ષભરની શૈક્ષણિક સફળતાના ચિતાર રજૂ કરતાં દર્પણ અને શબ્દાંકન અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. મોહનભાઈ સાહિત્ય વર્તુળના નેજા હેઠળ યોજાતા લઘુકથા, કાવ્યપઠન, વક્તૃત્વસ્પર્ધા, વાર્તાલેખન જેવી વિવિધ પ્રવૃતિઓ સાથે લેખનની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. આ સાથે દરમ્યાન વિવિધ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને પણ મેડલ તથા પ્રમાણપત્ર ઉપસ્થિત મહેમાનોના હસ્તે એનાયત કરાયાં હતાં. વાર્ષિકોત્સવ નિમિતે વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય નાટિકા, સ્કીટ પણ પ્રસ્તુત કરવામાં આવી હતી.

આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રેસિડેન્ટશ્રી કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેકટરશ્રી ડી. ટી. કાપડીયા, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદના નિયામકશ્રી ડો. ટી. એસ. જોશી અને ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ, કેમ્પસ ડાયરેકટર ડો. સોમભાઈ પટેલ, ડો. આર.જે. વ્યાસ, સવિતાબહેન પટેલ સહિત વિવિધ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓ, પ્રાધ્યાપકોએ ઉપસ્થિત રહ્યા હતા.

ફેલ્ટી ઓફ એજયુકેશન વિભાગના ડીન પ્રો. વીણાબેન પટેલે મહેમાનોનો પરિચય અને વર્ષ દરમ્યાન કાર્યક્રમોની ઝાંખી કરવી હતી. ઉપસ્થિત મહેમાનોએ તાલીમાર્થી ભાઈબહેનોને ઉજ્જવળ કારકીર્દી ઘડો તેમાટે આર્શીવચન પાઠવ્યા હતા. જયારે આભાર વિધિ બી. એડ. કોલેજના પ્રિન્સીપાલ જીજ્ઞાસા જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




કહ્યું હતું કસરત કરો ચાલવા જાવ... ન માન્યા... ડોક્ટરે ઇન્સ્યુલીનનાં ઇન્જેકશનની જગ્યાએ પંપ લગાવી દીધો ને...!!

## શહેરમાં પક્ષી બચાવવા પાંચસો પક્ષીઘર અને કુંડાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૩૧
છેલ્લા દોઢ દાયકાથી ગાંધીનગરને વનશ્રી ટ્રસ્ટ હરિયાળુ બનાવી રહ્યું છે. શહેરને પુનઃ ગ્રીનસીટી નું બિરુદ મળે તે માટે અથાગ પ્રયત્ન કરાઈ રહ્યો છે. ટ્રસ્ટ દ્વારા આગામી સમયમાં પક્ષી બચાવવા અભિયાન હાથ ધરવામાં આવશે. વનશ્રી ટ્રસ્ટ ઉનાળાની કાળઝાળ ગરમીથી પક્ષીઓને બચાવવાનું અભિયાન હાથ ધરશે. નગરમાં ૫૦૦ ચકલી ઘર અને ૫૦૦ પાણીના કુંડાનું વિતરણ કરશે. આ કાર્યમાં ઈકો કલબના બાળકો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ જોડાશે.

વનશ્રી ટ્રસ્ટના સભ્યએ નગરજનોને પક્ષી બચાવવા સહયોગ આપવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે નગરજનો એક ઘર દીઠ એક પક્ષી પરબ અને એક માળો પોતાના ઘર આગળ રાખે. ઉલ્લેખનીય છે કે આપણી જાગૃતિના અભાવે હાલમાં અનેક પક્ષીઓ નાશવંત થવાના આરે છે ત્યારે પર્યાવરણ પ્રત્યે આપણે સૃષ્ટિનું ઋણ ચુકવી આ ધરાને પુનઃ હરિયાળી બનાવવા જાહેર અપીલ કરી છે.

## વાસનમાં જલારામ બાપાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૧
જિલ્લાના વાસનમાં આવેલ વૈજનાથ મહાદેવ મંદિર પરિસરમાં જલારામ બાપાની મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવશે.

સંત શિરોમણી શ્રી જલારામબાપાની તા. ૨ એપ્રિલ ૨૦૧૫, ગુરુવાર સવારે ૧૦.૩૦ વાગે શંકરસિંહ વાઘેલા પ્રમુખ વૈજનાથ મહાદેવ ટ્રસ્ટ વાસનના વરદ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કિરીટભાઈ ગણાત્રા, તંત્રી અકિલા, પ્રવિણભાઈ કોટક, પ્રમુખ વિશ્વલોહાણા મહાપરિષદ, ઉમંગભાઈ ઠક્કર, ઉદ્યોગપતિ રાકેશ રાજદેવ, કાશ્મિરાબેન નથવાણી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ભાવિ ભકતોને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# રાજ્યની બાળ સુરક્ષા નીતિ અને રાજ્યની કાર્ય યોજના જ ઘડવામાં આવી ન હતી

## બાળ સુરક્ષા અને કલ્યાણ સેવાઓના લક્ષ્યાંકો સિદ્ધાંતો નિર્ધારિત કરવામાં ઉત્તરદાયિત્વ આલેખવામાં નિષ્ફળ નીવડી

ગાંધીનગર, તા. ૩૧
ગુજરાત રાજ્ય બાળ સુરક્ષા સોસાયટી દ્વારા રાજ્યની બાળ સુરક્ષા નીતિ અને રાજ્યની કાર્યયોજના ઘડવામાં આવી ન હતી. જેને પરીણામે રાજ્ય સહકાર બાળ સુરક્ષા અને કલ્યાણ સેવાઓ માટેના લક્ષ્યાંકો અને સિદ્ધાંતો નિર્ધારિત કરવામાં તેમજ સંબંધિત વિભાગોની જવાબદારીઓ અને ઉત્તર દાયિત્વ આલેખવામાં નિષ્ફળ નિવડી હતી.

કેગના રજુ થયેલા અહેવાલમાં ઉપરોક્ત વિગતો પ્રકાશમાં આવવા પામી છે. અહેવાલમાં જણાવ્યાનુસાર ભારતનું બંધારણ મુળભુત અધિકારી અને માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા બાળકોના અધિકારોને રક્ષણ આપે છે. તેમજ બાળકોને દુરાચાર સામે રક્ષણ અને પ્રારંભિક બાળપણમાં સંભાળ અને શિક્ષણ મળી રહે તેની ખાતરી આપી શકાય તે માટે રાજ્યને નિર્દેશ આપે છે. વર્ષ ૨૦૦૯-૧૪ના સમયગાળા માટે બાલિકાની સુરક્ષા અને કલ્યાણ અંગેનું કામગીરી ઓડિટ એપ્રિલથી સપ્ટેમ્બર-૨૦૧૪ દરમ્યાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કેટલાક સકારાત્મક પાસાઓ બહાર આવ્યા હતા. જેમ કે અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ વિકસતી જાતિની માધ્યમિક શાળામાં ભણતી ૩.૧૦ લાખ વિદ્યાર્થીઓનીને સાયકલો પુરી પાડવામાં આવી હતી.

આ ઉપરાંત વસ્તી ગણતરી ૨૦૦૧ની સરખામણીએ વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ ભારતભરના એકંદર જાતિય દરમાં ૯૩૩ થી વધીને ૯૪૩ નો સુધારો થયો હતો. છતાં રાજ્યનો એકંદર જાતિય દર ૯૨૦થી ઘટીને ૯૧૯ થઈને ઘટાડાનું વલણ દર્શાવતો હતો. ઓડિટમાં એવું જોવા મળ્યું હતું કે સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમના ડેટા મુજબ વર્ષ ૨૦૧૨ની સરખામણીએ વર્ષ ૨૦૧૩માં રાજ્યના ૨૬માંથી ૧૫ જિલ્લાઓમાં જન્મ સમયનો જાતિય દર ઘટ્યો હતો.

વર્ષ ૨૦૦૯-૧૪ દરમ્યાન રાજ્યના ઈ-મળતા પોર્ટલમાં નોંધાયેલ ૭૦.૯૫ લાખ ગર્ભાવસ્થાના કિસ્સાઓમાંથી માત્ર ૫૭.૬૬ લાખ પ્રસુતિઓની જ નોંધણી થઈ હતી અને ૧૩.૨૯ લાખનો તફાવત રહ્યો હતો અને જિલ્લા સત્તાધિશો દ્વારા આ તફાવત માટેના કારણોની યોગ્ય તપાસ કરવામાં આવી ન હતી.

વર્ષ ૨૦૦૯-૧૪ દરમ્યાન બાળ લગ્નોની મળેલી ૬૫૯ ફરીયાદોમાંથી કોર્ટમાં માત્ર ૧૫ કેસો જ દાખલ કરવામાં આવ્યા હતા અને સમીક્ષાના સમયગાળા દરમ્યાન રાજ્યમાં એક પણ વ્યક્તિને દોષી ઠરાવવામાં આવી ન હોવાની વિગતો અહેવાલમાં બહાર આવવા પામી છે.

## બાળકોની સુરક્ષા અને સંભાળ માટેની યોજનાઓની દેખરેખ ક્ષતિયુક્ત જણાઈ

ગાંધીનગર, તા. ૩૧
રાજ્યમાં બાળ ગૃહોનો અલ્પ ઉપયોગ થતો જોવા મળ્યો હોવાની ચોંકાવનારી વિગતો કેગના અહેવાલમાં બહાર આવવા પામ્યો છે.

કેગના અહેવાલમાં જણાવ્યાનુસાર રાજ્યમાં બાળગૃહોનો અલ્પ ઉપયોગ થતો જોવા મળ્યો હતો કેમ કે તેમની મંજૂર થયેલ ક્ષમતાના ઉપયોગની એકંદરે ટકાવારી વર્ષ-૨૦૦૯-૧૦ના ૫૬ ટકાથી ઘટીને વર્ષ-૨૦૧૨-૧૩માં ૪૩ ટકા થઈ હતી. બાળગૃહોનું સુયોજન ન થવાને કારણે જરૂરીયાતવાળા બાળકો તેમના લાભોથી વંચિત રહ્યા તેમજ આ બાળગૃહો ચલાવવાનો નિભાવ ખર્ચ વધ્યો હતો.

કેગના અહેવાલમાં એવું જણાયું હતું કે બાળગૃહોમાં અન્ય બાલિકાઓની સાથે ખાસ જરૂરીયાતવાળી બાલિકાઓને પણ રાખવામાં આવતી હતી. જુવેનાઈલ જસ્ટીસ નિયમો મુજબ અલગ અલગ ગૃહોમાં રાખવાને બદલે વિવિધ વય જુથના બાળકોને એકજ ગૃહમાં રાખવામાં આવતા હોવાનું જોવા મળ્યું હતું. બાળકોની સુરક્ષા અને સંભાળ માટેની યોજનાઓની રાજ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએથી થતી દેખરેખ ક્ષતીયુક્ત જણાઈ હતી.

# મેઇડ ઇન ઇન્ડિયા, એન.આર.આઇ. રોકાણ અને ઇ-કોમર્સનો જાદુ

## વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

ભારતીયો એટલે પરાપૂર્વથી જીવન તરફ જોવાનો અલગ દ્રષ્ટિકોણ વિકસાવનારી પ્રજા. આપણને પ્રકૃતિને આશરે, મહેનતના માંડવે અને જ્ઞાનના ગોંદરે વસવાટ કર્યા વિના ચેન પડતું નથી. આપણી સંસ્કૃતિને નદી સંસ્કૃતિ ,આશ્રમ સંસ્કૃતિ અને ગીતાના કર્મયોગની સંસ્કૃતિ કહેવાનો પૂરો હક છે. એવો પણ સમય હતો કે કોઈ બાહ્ય આકર્ષણો આપણને પ્રજવાળતા નહોતા. ભૌતિકતા જાણે આપણાથી સેંકડો જોજન દૂર હતી. સમય અને સંજોગો સાથે આપણે બદલાયા અથવા બદલાવું પડ્યું. હવે આપણી દોડ વધી છે સાથે સાથે દિશા પણ ક્યાંક બદલાઈ છે. છતાં આજે પણ આપણી પાસે એવી અનેક વૈચારિક દર્શન, સાંસ્કૃતિક વારસો અને આધ્યાત્મિક સાધનાપૂંજ છે જે કદાચ અન્યત્ર નથી જ નથી.

સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. ભારતીયોનું અર્થશાસ્ત્ર હવે આળસ મરડી ઊભું થઈ દોડવાની તૈયારીમાં છે. ઈકોનોમિક્સ ટાઈમ્સના એક અહેવાલ પ્રમાણે ડિફેન્સ અને રેલવે સેકટરમાં રોકાણને વેગ આપવા સરકાર બિનનિવાસી ભારતીયો (ફ્ન્ન્)ના સીધા વિદેશી રોકાણના નિયમો હળવા કરવાની યોજના ધરાવે છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ પોલિસી એન્ડ પ્રમોશને NRI નોન-રિપેટ્રિએબલ ફંડ્સને FDI ને બદલે સ્થાનિક રોકાણની સમકક્ષ ગણવા કેબિનેટની મંજૂરી માંગી છે. આ પગલું જંગી રોકાણની જરૂરિયાતવાળા ડિફેન્સ જેવા સેક્ટરને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, NRI ને ભારતમાં રોકાણ માટે પ્રોત્સાહિત કરવા અમે નોન-રિપેટ્રિએબલ રોકાણને FDI નહીં, સ્થાનિક ગણવાની મંજૂરી મેળવવા સક્રિય છીએ. અમે આ મુદ્દે કેબિનેટની મંજૂરી માંગી છે.

NRI નોન-રિપેટ્રિએબલ રોકાણ વિદેશમાં પાછું લઈ જઈ શકતા નથી. સરકારે ગયા વર્ષે નોન-રિપેટ્રિએબલ NRI ભંડોળને સ્થાનિક રોકાણ ગણવાની શક્યતા ચકાસવા સમિતિની નિમણૂક કરી હતી. ઉલ્લેખનીય છે કે, ભાજપ સરકારે ડિફેન્સ, રેલવે, કન્સ્ટ્રકશન ડેવલપમેન્ટ, મેડિકલ ડિવાઈસ અને ઈન્શ્યોરન્સ સેક્ટરનાં એફડીઆઈ ધોરણો ઉદાર બનાવ્યાં છે. સરકાર ફ્ન્ન્ અને વિદેશી મૂડી બંનેને આકર્ષવા સક્રિય છે. સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, NRI ને નાણાંનું સીધું રોકાણ થાય એવી અમારી ઈચ્છા છે. તેમની પાસે ઘણાં નાણાં છે, જેનું તે અહીં રોકાણ કરવા માંગે છે. અમે તેમને ડોલરમાં રોકાણ કરવાની અને રૂપિયામાં કમાવાની છૂટ આપીશું. તેઓ ડિફેન્સ, રેલવે સહિતના સેક્ટરમાં રોકાણ કરે એવી અમારી ઈચ્છા છે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્ર એકમાત્ર અપવાદ છે. જેમાં NRIs ૧૦૦ ટકા સુધી રોકાણ કરી શકે છે. જયારે સેક્ટરમાં શિડ્યુલ્ડ એર ટ્રાન્સપોર્ટ સર્વિસ માટે ૭૪ ટકા અને નોન-શિડ્યુલ્ડ એરલાઈન્સ માટે ૪૯ ટકાની રોકાણ ટોચમર્યાદા છે. NRI રોકાણમાં વૃદ્ધિ ચાલુ ખાતાની ખાધ ઘટાડવામાં મદદ કરશે. આર્થિક સર્વેક્ષણમાં ચાલુ ખાતાની ખાધ ૨૦૧૫-૧૬??? જીડીપીના એક ટકા રહેવાનો અંદાજ દર્શાવાયો છે. NRIs ને સીધા રોકાણની મંજૂરીનું પગલું દેશમાં બિઝનેસની સરળતા તરીકે જોવાઈ રહ્યું છે. જેમાં ભારત વિશ્વબેન્કના અહેવાલ પ્રમાણે ૧૮૯ દેશમાં ૧૪૨માં સ્થાને છે. સરકાર આગામી કેટલાંક વર્ષમાં ભારતને ટોચના ૫૦ દેશમાં લાવવા માંગે છે.

ચાલુ નાણાકીય વર્ષે એપ્રિલ-ડિસેમ્બરના ગાળામાં એફડીઆઈ પ્રવાહ ૨૪ ટકા વધ્યો છે. સરકારે છેલ્લા કેટલાક મહિનામાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ૧૦૦ ટકા વિદેશી ફન્ડિંગને છૂટ આપી છે. ઉપરાંત, ડિફેન્સ સેક્ટરમાં એફડીઆઈની ટોચમર્યાદા ૨૬ ટકાથી વધારી ૪૯ ટકા કરાઈ છે. સરકાર ડિફેન્સ ઉત્પાદનમાં આયાત પરની નિર્ભરતા ઘટાડવા માંગે છે. એટલે ગયા વર્ષે સરકારે એકથી વધુ ભારતીય કંપનીને ૫૧ ટકા હિસ્સો જાળવવાની છૂટ આપી હતી. આ પગલાથી છેલ્લાં ૫-૬ વર્ષથી અટકેલી ખાનગી કંપનીઓની ઘણી અરજીને મંજૂરી મળી છે. તમારાં બાળકો કેટલા કલાક ટીવી, ઈન્ટરનેટ કે ફોન પર ગાળે કરે છે અને ભણતર પાછળ કેટલો સમય આપે છે તેની માહિતી ટૂંક સમયમાં મળશે એવી શક્યતા છે. સરકારમાં ઈન્ડિયા ટાઈમ યુઝ સરવે'ના ભાગરૂપે આ પ્રકારનો ડેટા તૈયાર કરી રહી છે. જોકે, સરવે મુખ્યત્વે મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

હમણા અમેરિકાના જાણીતા મેગેઝિન ફોર્ચ્યુન' વિશ્વના ૫૦ મહાન નેતાઓની યાદી જાહેર કરી છે, જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નોબેલ પુરસ્કાર વિજેતા કૈલાશ સત્યાર્થીનો સમાવેશ કરાયો છે. મેગેઝિને, બિઝનેસ, સરકાર અને ફિલેન્થ્રોપી (દાન) ના ક્ષેત્રમાં પરિવર્તન લાવનારા અસાધારણ' પુરુષ અને મહિલાઓની આ વર્ષની આ યાદીમાં મોદીને પાંચમું સ્થાન આપ્યું છે, જયારે સત્યાર્થીને ૨૮મું સ્થાન આપ્યું છે.

ફોર્ચ્યુન - મેગેઝિને વડાપ્રધાન મોદી વિશે કહ્યું કે મોદીએ તેમના ચૂંટણી વચનો પર અમલ શરૂ કરી દીધો છે અને તેઓ ભારતને બિઝનેસ માટે સાનુકૂળ બનાવવાના તેમના પ્રયાસમાં નક્કર પ્રગતિ' કરી રહ્યાં છે. આ સાથે જ મહિલાઓ સામે હિંસા અટકાવવામાં, સ્વચ્છતાને પ્રોત્સાહન આપવામાં અને અન્ય એશિયાઈ દેશો તથા અમેરિકા સાથે સંબંધો સુધારવા પર પણ મોદી ધ્યાન આપી રહ્યા છે. જોકે તેમાં આ સાથે જ કહેવાયું છે કે મોદીએ હજી એક લાંબો રસ્તો પાર કરવાનો છે' અને તેમણે લક્ષ્ય પૂરા કરવા માટે ભારતની શક્તિશાળી, વ્યાપક રીતે ભ્રષ્ટ નોકરશાહીમાં સુધારા કરવા પડશે. મોદીએ બાબુઓ પર નજર રાખવાનું શરૂ કરી દીધું છે. તેમણે વિદેશી રોકાણકારોનું સ્તર વધારીને ભારતની યાત્રા માટે વિઝા મેળવવાની પ્રક્રિયા ખાસી સરળ બનાવી દીધી છે.

મેગેઝિને આઈએમએફની એ ભવિષ્યવાણીનો ઉલ્લેખ કર્યો છે કે આગામી બે વર્ષમાં ભારત ચીનથી વધારે ઝડપી વૃદ્ધિ કરશે. મોદી માટે સરકારી ઉદ્યોગોના વિશાળ પોર્ટફોલિયોનું ખાનગીકરણ અને શ્રમ બજારને નિયંત્રણ મુક્ત કરવા જેવા મોટા પડકારો છે. જોકે તેમણે પોતાના હાથમાં નિયંત્રણ લીધું છે અને સંદેશો આપ્યો છે કે ભારત માત્ર ઈન્ફોટેક સેવા ક્ષેત્રે જ નહી, પરંતુ સંપૂર્ણ ભારતને ૨૧મી સદી સાથે તાલ મિલાવવાનો સમય આવી ગયો છે.

બીજા એક અહેવાલ પ્રમાણે ઈ-કોમર્સ આજની પેઢીને કોઠે પડવા લાગ્યું છે. ઘરે બેઠા થતી ખરીદિ છેવટે આપણને ક્યાં લઈ જશે? શોપીંગ કરવાની મજાનું શું થશે? દેશની અડધા કરતાંયે વધારે સંપત્તિ ધરાવતાં છ મેગા શહેરો અને બીજી શ્રેણીનાં ૧૧ શહેરોના ૯૨ ટકા લોકો મૂવી ટિકિટથી લઈને પર્ફ્યુમ સહિતની કોઈને કોઈ વસ્તુ માટે ઓનલાઈન ખરીદી કરે છે એમ પેમેન્ટ સર્વિસ પૂરી પાડતી કંપની વિસા દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે. ઈ-કોમર્સની જોરદાર તેજીને કારણે વિસાએ પહેલીવાર આવો સર્વે કર્યો છે, જેમાં મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ અને હૈદરાબાદ એમ છ મેટ્રો અને અમદાવાદ, પૂણે, લુધિયાણા જેવાં ૧૧ શહેરોને આવરી લેવાયાં હતાં. વિસાના ગ્રૂપ કન્ટ્રી મેનેજર (ઈન્ડિયા એન્ડ સાઉથ એશિયા) ટી આર રામચંદ્રને કહ્યું હતું કે, સરવેની વિગતો દર્શાવે છે કે, ઈલેક્ટ્રોનિફિકેશનમાં ઈ-કોમર્સનું બહુ મોટું યોગદાન છે. તેના કારણે લોકો ડિજિટલ અને ઈલેક્ટ્રોનિક પેમેન્ટ વચ્ચે ઝડપભેર સુમેળ સાધી શકે છે. ભારતમાં સ્માર્ટફોનની ખપત વધવાથી હવે મોબાઈલ ફર્સ્ટ સ્ક્રીન છે, જે પહેલાં ત્રીજી સ્ક્રીન હતી. પહેલાં પ્રથમ સ્ક્રીન PC/લેપટોપ અને બીજી સ્ક્રીન ટેબ્લેટ હતાં. સર્વે થકી ટોચના ત્રણ પેમેન્ટ મોડ્સ જાણવા મળ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે ડેબિટ/ક્રેડિટ કાર્ડ, બીજા ક્રમે કેશ ઓન ડિલિવરી અને ત્રીજા ક્રમે ડાયરેક્ટ ડેબિટ કે ફંડ ટ્રાન્સફર આવે છે. ૭૪ ટકા લોકો ઓનલાઈન શોપિંગ માટે ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડ્સનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. ભારતીય વપરાશકારો દ્વારા ઓનલાઈન ખરીદી પાછળ દૈનિક સરેરાશ પાંચ કલાક સમય ફાળવવામાં આવે છે, જે એશિયા-પેસિફિકની ૪.૫ કલાકની સરેરાશ કરતાં વધારે છે.

સર્વેમાં ભાગ લેનારા લોકોએ જણાવ્યું હતું કે, સગવડતા, ભાવ અને ખુશી આ ત્રણ કારણોસર તેઓને ઓનલાઈન શોપિંગ પસંદ છે. ૬૬ ટકા લોકો મોબાઈલનો ઉપયોગ કરીને YEP, flipkart કે Amazon ??? સર્ચ કરે છે અને ૪૬ ટકા લોકો ખરીદી કરે છે. ૨૦૧૪ ??? ઈ-કોમર્સ પેમેન્ટ વોલ્યુમમાં ૪૩ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી અને ઈ-કોમર્સ ટ્રાન્ઝેક્શનમાં ૫૩ ટકા વધારો થયો હતો.